**આર્થિક રીતે નબળા વર્ગને વયમર્યાદામાં**
**છૂટછાટનો લાભ આપવા બાબત**

ગુજરાત સરકાર
**સામાન્ય વહીવટ વિભાગ**
ઠરાવ ક્રમાંકઃ-સીઆરઆર/૧૧/૨૦૧૬/૨૮૨૩૨૩/ગ.પ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૨/૦૨/૨૦૧૯.

વંચાણે લીધાઃ-

(૧) બંધારણ (એક્સો ત્રણમો સુધારો) કાયદો, ૨૦૧૯.

(૨) સામાન્ય વહીવટ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ-જીએસ/૦૩/૨૦૧૯/ સીઆરઆર-૧૧-૨૦૧૬-૨૮૨૩૨૩-ગ.પ, તા.૨૨/૦૨/૨૦૧૯.

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ-ઈડબલ્યુએસ /૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૨૩/૦૧/૨૦૧૯.

(૪) સામાન્ય વહીવટ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ-જીએસ/૩૭/૨૦૧૬/ સીઆરઆર/૧૧/૨૦૧૬/૨૮૨૩૨૩/ગ-પ, તા.૧૭/૦૫/૨૦૧૬

(૫) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ-સીઆરઆર/૧૧/૨૦૧૬/ ૨૮૨૩૨૩/ગ-પ, તા.૧૭/૦૫/૨૦૧૬

ઠરાવઃ-

વંચાણે લીધેલા ક્રમાંક-(૧) અને (૩) અન્વયે જે નાગરિકો / વ્યક્તિઓનો હાલની અનામતની નીતિ અન્વયે અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોમાં સમાવેશ થતો નથી તેવા આર્થિક રીતે નબળા વર્ગોના નાગરિકો / વ્યક્તિઓને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ તથા ગુજરાત રાજ્ય હેઠળની મુલકી જગા તથા સેવાઓ પરની નિમણૂંકોમાં અનામતનું ધોરણ ૧૦% (દસ ટકા) રાખવાનું ઠરાવવામાં આવેલ છે. વંચાણે લીધેલા ક્રમાંક (૩) ના ઠરાવ અન્વયે સામાન્ય વહીવટ વિભાગના વંચાણમાં લીધેલ ક્રમાંક(૨) તા.૨૨/૦૨/૨૦૧૯ ના જાહેરનામાથી, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ-૨ હેઠળ પેટા નિયમ (i-a) નવો ઉમેરવામાં આવેલ છે તેમજ નિયમ-૮(૨), તથા નિયમ-૮(૫-ક) (૩) માં ઉમેરો કરી રાજ્યની તમામ ભરતી પ્રક્રિયામાં આર્થિક રીતે નબળા

વર્ગના ઉમેદવારોને મહત્તમ વય-મર્યાદામાં પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે તેવી જોગવાઇ કરવામાં આવેલ છે. આ સંદર્ભમાં વંચાણે લીધેલ ક્રમાંક (૪)નું જાહેરનામું તથા ક્રમાંક (૫)નો ઠરાવ rescind કરવામાં આવેલ છે.

તા.૨૨/૦૨/૨૦૧૯ના જાહેરનામાના અમલ સંદર્ભે નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૧) આ ઠરાવનો અમલ તા.૧૪/૦૧/૨૦૧૯થી કરવાનો થશે.

(૨) આર્થિક રીતે નબળા વર્ગોને રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજ્ય હેઠળની સેવાઓ/જગાઓમાં નિમણૂંકો માટે ૧૦ ટકા અનામત રાખવા માટેની અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઇ કરવા અંગેના સામાજીક ન્યાય અધિકારીતા વિભાગના તા.૨૩/૦૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:ઈડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, હેઠળ નિયત કરવામાં આવેલ જોગવાઇ સંતોષતા હોય તેવા નાગરિકો / વ્યક્તિઓનો સમાવેશ આર્થિક રીતે નબળા વર્ગોમાં થશે.

(૩) જે તે જગ્યાના ભરતી નિયમોમાં ઠરાવેલ વયમર્યાદા અંગેની લાયકાત સંદર્ભમાં આર્થિક રીતે નબળા વર્ગોના નાગરિકો / વ્યક્તિઓ માટે ઉપલી વયમર્યાદા ૪૫ (પીસ્તાળીસ) વર્ષથી વધે નહીં તે રીતે ૫(પાંચ) વર્ષ સુધી વયમર્યાદા હળવી કરી શકશે.

(૪) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ-૮(૫-ક)(૩) મુજબ ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ આર્થિક રીતે નબળા વર્ગોના નાગરિકો / વ્યક્તિઓને મળવાપાત્ર છૂટછાટ ઉપરાંતની ગણવાની રહેશે.

જે જગ્યાના ભરતી નિયમો એક્ટ હેઠળ બનાવવામાં આવેલ હોય તેવી જગ્યાના ભરતી નિયમોમાં યોગ્ય સુધારા કરવા અંગેની દરખાસ્તો જે તે વિભાગે તાત્કાલિક સામાન્ય વહીવટ વિભાગને રજુ કરવા આથી સૂચના આપવામાં આવે છે

ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૯૮માં યોગ્ય સુધારા કરવા અંગેની દરખાસ્ત પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે તાત્કાલિક સામાન્ય વહીવટ વિભાગને રજુ કરવા પણ આથી સૂચના આપવામાં આવે છે.

આ વિભાગના તા.૨૨/૦૨/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંકઃ-જીએસ/03/૨૦૧૯/ સીઆરઆર-૧૧-૨૦૧૬-૨૮૨૩૨૩-ગ.પ, થી આર્થિક રીતે નબળા વર્ગના નાગરિકો / વ્યક્તિઓને ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ,-

(અ) તા.૧૪/૦૧/૨૦૧૯ અને તે પછી પ્રસિધ્ધ થતી સીધી ભરતીની તમામ જાહેરાતમાં; તથા

(બ) સીધી ભરતીની જે જાહેરાતો તા.૧૪/૦૧/૨૦૧૯ પહેલા પ્રસિધ્ધ થઈ ગયેલ છે અને અરજી કરવાની આખરી તારીખ પૂર્ણ થયેલ છે, અથવા તો પુર્ણ થયેલ નથી. તેવા કિસ્સામાં જે ભરતી પ્રક્રિયામાં લેખિત પરીક્ષા, મૌખિક પરીક્ષા, કોમ્પ્યુટર પ્રોફિસિયન્સી ટેસ્ટ અને પ્રિલિમિનરી પરીક્ષા, વગેરે જેવી કોઇ પણ તબક્કા (સ્ટેજ) ની પ્રક્રિયા થઇ નથી અને માત્ર અરજીપત્રકો જ મંગાવવામાં આવેલ છે તેવી જાહેરાતોને પણ આપવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(signature)

**(એમ.એમ.પટેલ)**

સેકશન અધિકારી,

સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી
- ➢ માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
- ➢ માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી
- ➢ સર્વે માન.મંત્રીશ્રીઓ/માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ

- સચિવશ્રી, ગુજરાત વિધાન સભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસીસ ટ્રીબ્યુનલ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- ➢ સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- ➢ સચિવાલયના તમામ વિભાગો

  ખાતાના વડાને જરૂરી જાણ કરવાની વિનંતી સાથે.

- ➢ વેબ માસ્ટર,

  સરકારની વેબસાઇટ / જી.આર.બુકમાં મુકવાની વિનંતી સાથે.

- ➢ વિભાગના તમામ અધિકારીઓ/શાખાઓ.
- ➢ પસંદગી ફાઇલ ગ.પ-શાખા

---

- પત્ર દ્વારા